" Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No.

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૧૮/૦૮/૨૦૧૭
સુરત

તંત્રી શ્રી, ____________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરતમાંથી મધ્યભારતમાં ઇન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફરનો સૌ પ્રથમ બનાવ.**

**સુરતમાંથી ૧૩માં હૃદયનું દાન.**

**સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા તેલુગુ સમાજના બ્રેનડેડ કચરાભાઈ ગંગારામ મોરેના પરિવારે હૃદય, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી છ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**સુરતથી ૪૫૦ કિ. મી નું અંતર ૧૧૦ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ ઇન્દોરની CHL હોસ્પીટલમાં ૨૧વર્ષના નવયુવાનમાં કરવામાં આવ્યું.**

નામ : કચરાભાઈ ગંગારામ મોરે ઉ. વ. ૪૭ બ્લડ ગ્રુપ: O+VE

વ્યવસાય : નવીન ફ્લોરીન કંપનીમાં સફાઈ કામદાર તરીકે કાર્ય કરતા હતા.

રહેવાસી : ૨૨૫, ભેદવાડ દરગાહ પાસે, પાંડેસરા, સુરત.

કૌટુંબિક વિગત : પત્ની : આશાબેન કચરાભાઈ મોરે ઉ. વ. ૪૦

પુત્ર : સનીકુમાર કચરાભાઈ મોરે ઉ. વ. ૨૧

કતારગામ નંદુડોશીની વાડી પાસે આવેલ મીરાં ડાયમંડની ઓફીસમાં વજન કાંટીનું કાર્ય કરે છે.

પુત્રી : ૧. પૂજા કચરાભાઈ મોરે ઉ. વ. ૧૯

૨. શીતલ કચરાભાઈ મોરે ઉ. વ. ૧૮

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

મંગળવાર તા:૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ કચરાભાઈ સામાજિક કાર્ય માટે બહાર ગયા હતા ત્યાંથી તેમના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાટલીબોય સર્કલ પહેલા CNG પેટ્રોલ પંપ પાસે બાઈક સ્લીપ થઇ જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક ઉપનામાં દક્ષેશ્વર મંદિર પાસે આવેલ સનરાઈઝ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ૧૬ ઓગસ્ટના રોજ મેટાસ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પિટલમાં ડૉ. એડી બામની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. નિદાન માટે સીટી સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

ગુરુવાર ૧૭ ઓગસ્ટના રોજ ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ અને ન્યુરોફીજીશિયન ડૉ. પરેશ ઝાંઝમેરાએ કચરાભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

મેટાસ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પીટલના ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કચરાભાઈના બ્રેનડેડ હોવાની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કચરાભાઈના પુત્ર સનીકુમાર, ભત્રીજા નરેશ અને ઉપેન્દ્ર નરસિંહભાઈ મદ્રાસી, લક્ષ્મીબેન મારુતીભાઈ પોતરાજ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યો એ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોના દાન થકી કોઈકના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું જ્યારે હૃદયના દાન માટે અમદાવાદની સિમ્સ અને સ્ટર્લીંગ હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં કોઈ દર્દી ન હોવાને કારણે ROTTO ( Region Organ & Tisue Transplant Organisation) ના ડૉ. સુજાતા પટવર્ધનનો સંપર્ક કરી હૃદયના દાન માટે જણાવ્યું. ROTTOના વેઈટીંગ લીસ્ટમાં ઇન્દોરનો નંબર હોવાથી હૃદય ઈન્દોરની CHL હોસ્પિટલને ઓફર કરવામાં આવ્યું. ઇન્દોરથી CHL હોસ્પીટલના ડોક્ટર ડૉ. પ્રદીપ પોખરણા, ફોર્ટીસ હોસ્પીટલના ડૉ. અનવય મુલે અને તેમની ટીમ આવી હૃદયનું દાન સ્વીકાર્યું.

3....

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-3952 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



કિડની અને લિવરનું દાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ બેન્કના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

સુરતની મેટાસ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પીટલ થી ઈન્દોરની CHL હોસ્પીટલ સુધીનું ૪૫૦ કિ. મી નું અંતર ૧૧૦ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ ઇન્દોરના રહેવાસી યોગેશ સરોજ ઉ. વ. ૨૧માં ડો. મનીષ પોરવાલ, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

યોગેશ પોલીસમાં જોડાયને દેશની સેવા કરવા માંગતો હતો અને તેમાં જોડાવાની તૈયારીના ભાગ રૂપે શારીરિક કસરતો કરતી વખતે તેને શ્વાસની તકલીફ થવા લાગી હતી તેથી CHL હોસ્પીટલમાં તેની મેડીકલ તપાસ કરાવતાં, તેના હૃદયનું પમ્પીંગ ૧૫ ટકા થી ૨૦ ટકા જેટલું જ હતું તેની જાણકારી મળી હતી. છેલ્લા છ મહિનાથી તેને હૃદયની તકલીફ હતી.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અમદાવાદના રહેવાસી જયેશ મહેન્દ્રભાઈ ઠક્કર ઉ. વ. ૩૨ અને બીજી કિડની નીમચ-મધ્યપ્રદેશના રહેવાસી રમેશ મોતીલાલ નાગદા ઉ.વ. ૨૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર વડોદરાના રહેવાસી પ્રકાશભાઈ મોહનભાઈ પ્રજાપતિ ઉ.વ. ૪૦માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાંકચરાભાઈના પત્ની આશાબેન, પુત્ર સનીકુમાર, પુત્રીઓ પૂજા અને શીતલ, ભત્રીજાઓ નરેશ અને ઉપેન્દ્ર, પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. કિરીટ શાહ, ન્યુરોફીજીશિયન ડો. પરેશ ઝાંઝમેરા, ડૉ. એડીબામ, ડો. અંકિત ગજ્જર, ડો. બીશ્વાસ, ડો. વિકેશ રેવડીવાલા, મેટાસ અને વોકહાર્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, ડેનીશ સતાસિયા, અસ્ફાક ઇબ્રાહીમ શેખ, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ, ધવલ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

૪...

Nilesh Mandlewala
President
+91 98256 09927

Sandeep Kumar, IRS
Vice President
+91 81337 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98251 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. [illegible]

DONATE LIFE™
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા **૨૧૭ કિડની, ૮૬ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૩ હૃદય અને ૧૮૪ ચક્ષુઓનો દાન મેળવીને ૫૦૩ વ્યક્તિઓને** નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

મેટ્રાસ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગ તથા ઇન્દોર એરપોર્ટથી CHL હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને ઇન્દોર કમિશ્નરશ્રી સંજય દુબેનો સહકાર સાંપડ્યો હતો.

**કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ**

૧. સવારે ૦૭:૩૦ કલાકે કેડેવર ઓર્ગન ડોનર કચરાભાઈ ગંગારામ મોરેને ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કર્યા.
૨. સવારે ૧૦:૨૦ કલાકે ઇન્દોરની CHL હોસ્પીટલના કાર્ડિયાક સર્જન ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી મેટ્રાસ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ હોસ્પીટલથી સુરત એરપોર્ટ જવાના રવાના થયા.
૩. સવારે ૧૦:૩૩ કલાકે ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.
૪. સવારે ૧૦:૪૦ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર વિમાનમાં ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદય લઇ ઇન્દોર જવા રવાના થયા.
૫. સવારે ૧૧:૫૦ કલાકે ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ ઇન્દોર એરપોર્ટ પહોચ્યા.
૬. સવારે ૧૧:૫૫ કલાકે ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ ઇન્દોર એરપોર્ટથી CHL હોસ્પિટલ જવા રવાના થયા
૭. બપોરે ૧૨:૧૦ કલાકે ડૉ. પ્રદીપ પોખરણા, ડૉ. અનવય મુલે અને તેમની ટીમ CHL હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ ઇન્દોરના રહેવાસી યોગેશ સરોજ ઉ. વ. ૨૧માં ડૉ. મનીષ પોરવાલ , ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨૧ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ તેરમો બનાવ છે, જેમાંથી નવ હૃદય મુંબઈ, એક હૃદય ચેન્નાઈ, બે હૃદય અમદાવાદ અને એક હૃદય ઇન્દોર મોકલવામાં આવ્યું છે. મધ્ય ભારતમાં ઇન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફરનો આ પહેલો કિસ્સો છે. જેનું શ્રેય સુરત ને ફાળે જાય છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81337 81[illegible]

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98251 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961